# <u>સ્વચ્છતા અને સમરસતા અંતર્ગત રીપોર્ટ</u>

જયભારત સહ જણાવવાનું કે 'સ્વચ્છતા અને સમરસતા ' સપ્તાહની ઉજવણી અંતર્ગત તા.૨-૧૦-૨૦૧૬, ગાંધી જયંતિના દિવસે બીએસીએ કોલેજ હસ્તક બોયઝ તથા ગર્લ્સ હોસ્ટેલ પર સ્વચ્છતા અંગે પ્રોગ્રામનું આયોજન સવારે ૯-૩૦ કલાકે રાખવામાં આવેલ.

સદર સ્વચ્છતા પ્રોગ્રામમાં બીએસીએ કોલેજના આચાર્યશ્રી ડૉ. કે. પી. પટેલ, રેકટરશ્રી ડૉ. ટી. એમ. ભરપોડા, મદદનીશ રેકટરશ્રી ડૉ. કે. સી. પટેલ, ડૉ. આર. જી. પરમાર અને હોસ્ટેલ સ્ટાફ તથા સ્વીપરો પણ હાજર રહ્યા હતા. યુજી અને પીજી વિદ્યાર્થીઓ પૈકી અંદાજે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા તથા ૨૫ વિદ્યાર્થીઓ NSS અને ૩૦-૪૦ વિદ્યાર્થીઓ આ પ્રોગ્રામ અંતર્ગત રાખવામાં આવેલ વકતૃત્વ સ્પર્ધામાં હાજરી આપવા માટે ગયા હતા.

પ્રોગ્રામની શરૂઆત ડૉ. ટી. એમ. ભરપોડા, રેકટરશ્રી ધ્વારા સર્વેનું સ્વાગત કરવામાં કર્યું અને પ્રોગ્રામ વિશે માહિતી આપી ત્યારબાદ ડૉ. કે. પી. પટેલ, પ્રિન્સીપાલ ધ્વારા વિદ્યાર્થીઓને સ્વચ્છતાનું મહત્વ સમજાવતા જણાવ્યું કે સ્વચ્છતાથી હોસ્ટેલનું વાતાવરણ, આજુબાજુની વિસ્તારનું વાતાવરણ સ્વચ્છ થાય છે અને જેને કારણે અભ્યાસ તથા તદુંરસ્તી પર પણ સારી અસર જોવા મળે છે. ત્યારબાદ હોસ્ટેલની સ્વચ્છતા તથા રૂમોની સ્વચ્છતા પ્રતિકરૂપે કરવામાં આવી.

સદર પ્રોગ્રામ ગર્લ્સ હોસ્ટેલ ખાતે પણ કરવામાં આવ્યો. અંદાજે ૧૦૦ વિદ્યાર્થીનીઓ હાજર રહેલ અને વોર્ડન શ્રીમતી મનીષાબેન પરમાર તથા શ્રીમતી ભાવિકાબેન પણ હાજર રહ્યા હતા. ગર્લ્સ હોસ્ટેલ ખાતે પણ સ્વચ્છતાની અગત્યતા વિશે જાણકારી આપ્યા બાદ સ્વચ્છતા અભિયાન અંતર્ગત હોસ્ટેલ વિસ્તારને સ્વચ્છ કરવામાં આવ્યો હતો.

**(ટી. એમ. ભરપોડા)**

ગૃહપતિ, બીએસીએ, આણંદ

| | | |
|---|---|---|
|  |  |  |
| | | |
|  |  |  |
|  |  |  |
|  |  |  |